ધી રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન
નિયામકની કચેરી, ગુજરાત રાજય, કૃષિભવન, ગાંધીનગર ખાતે આવેલી
મરઘાં વિકાસ શાખા ને લગતા ૧૭ પ્રકરણોની
વિગતવાર માહિતી દર્શાવતું પત્રક

**પત્રક - બ**


| પ્રકરણ નંબર | પ્રકરણનું ટાઈટલ | પાના નં |
|---|---|---|
| ૧ | પ્રસ્તાવના | ૨ |
| ૨ | સંગઠનની વિગતો, કાર્યો અને ફરજો | ૩ થી ૬ |
| ૩ | અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો | ૭ |
| ૪ | કાર્યો કરવા માટેના નિયમો, વિનિયમો, સૂચનાઓ, નિયમસંગ્રહ અને દફતરો | ૮ |
| ૫ | નીતિ ઘડતર અથવા નીતિના અમલ સબંધી જનતાના સભ્યો સાથે સલાહ પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કોઈ વ્યવસ્થા હોય તો તેની વિગત | ૯ |
| ૬ | જાહેર તંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળની વ્યકિતઓ પાસેના દસ્તાવેજોની કક્ષાઓ અંગેનું પત્રક | ૧૦ |
| ૭ | તેના ભાગ તરીકે રચાયેલા બોર્ડ, પરિષદ, સમિતિઓ અને અન્ય સંસ્થાઓનું પત્રક | ૧૧ |
| ૮ | સરકારી માહિતી અધિકારીઓના નામ, હોદ્દો અને અન્ય વિગતો | ૧૨ |
| ૯ | નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસારવાની કાર્યપધ્ધતિ | ૧૩ |
| ૧૦ | અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા (ડીરેકટરી) | ૧૪ |
| ૧૧ | વિનિયમોમાં જોગવાઈ કર્યા મુજબ મહેનતાણાની પધ્ધતિ સહિત દરેક અધિકારી અને કર્મચારીને મળતું માસિક મહેનતાણું | ૧૫ |
| ૧૨ | પ્રત્યેક સંસ્થાને ફાળવેલ અંદાજપત્ર | ૧૬ થી ૧૭ |
| ૧૩ | સહાયકી કાર્યક્રમોના અમલ અંગેની કાર્યપધ્ધતિ | ૧૮ થી ૨૭ |
| ૧૪ | આપેલ રાહતો, પરમિટ કે અધિકૃતિ મેળવવાની વિગતો | ૨૮ |
| ૧૫ | કાર્યો કરવા માટે નકકી કરેલા ધોરણો | ૨૯ |
| ૧૬ | વિજાણુંરૂપે ઉપલબ્ધ માહિતી | ૩૦ |
| ૧૭ | માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સવલતોની વિગતો | ૩૧ થી ૩૨ |
| ૧૮ | અન્ય ઉપયોગી માહિતી | ૩૩ |

ધી રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન
નિયામકની કચેરી, ગુજરાત રાજય, કૃષિભવન, ગાંધીનગર ખાતે આવેલી
મરઘાં વિકાસ શાખા.. શાખાને લગતા ૧૭ પ્રકરણો પૈકી
પ્રકરણ નં .૧ ને
લગતી માહિતી દર્શાવતું પત્રક
પત્રક - ક

**પ્રકરણ -૧**

| | |
|---|---|
| વિષય :- | પ્રસ્તાવના |

૧.૧ ભારત એક લોકશાહીક ગણરાજય છે. આ લોકશાહીમાં નાગરીકોને માહીતગાર રાખવા અને માહીતીની પારદર્શિતા માટે તથા ભ્રષ્ટાચારને નિયંત્રણમાં રાખવા માટે સરકારશ્રીના વિવિધ ખાતાઓની માહીતીને જાહેર કરવાથી પ્રજાને લોકશાહીની પરિપૂર્ણતા લાગે તેમ છે.

૧.૨ સરકારી કામકાજમાં પારદર્શિતા અને જવાબદારીને ઉત્તેજન આપવાના હેતુથી સરકારી માહીતી નાગરીકો મેળવી શકે તે આ પુસ્તિકાનો હેતુ છે.

૧.3 આ પુસ્તિકા ભારતના દરેક નાગરીકને, દરેક સંસ્થાને અને દરેક સંગઠનોને ઉપયોગી છે.

૧.૪ આ પુસ્તિકામાં પ્રકરણ ૧ થી ૧૮ માં વિવિધ માહીતી આપવામાં આવેલ છે.

૧.૫ વ્યાખ્યાઓ :

(અ) માહીતી : માહીતી એટલે અભિપ્રાયો , સલાહ , અખબારી યાદી , લોગબુક , રેકડ વિગેરે સ્વરૂપમાં કોઇપણ સામગ્રી.

(બ) રેકર્ડ : રેકર્ડ એટલે કોઇ દસ્તાવેજ , હસ્તપ્રત , ફાઇલ , માઇક્રોફીલ્મ અથવા કોમ્પ્યુટરથી રજુ કરેલી સામગ્રી.

(ક) માહીતી નો અધિકાર : માહીતી નો અધિકાર એટલે સરકારની અથવા તેના નિયંત્રણ હેઠળની માહીતી મેળવવાનો અધિકાર જેમાં કામકાજ , દસ્તાવેજો તથા રેકર્ડની તપાસ કરવી અથવા પ્રમાણિત નકલો લેવી કે પ્રમાણિત પુરાવા લેવા.

૧.૬ કોઇ વ્યકિત આ પુસ્તિકામાં આવરી લેવાયેલ વિષયો અંગે વધુ માહીતી મેળવવા માંગે તો તે માટે તેને નિયામકશ્રી , પશુપાલન ખાતુ , ગુજરાત રાજય , ગાંધીનગર નો સંપર્ક કરવાનો રહેશે.

૧.૭ આ પુસ્તિકામાં ઉપલબ્ધ ન હોય તે માહીતી મેળવવા માટે નિયામકશ્રી , પશુપાલન ખાતુ , ગુજરાત રાજય , ગાંધીનગર નો સંપર્ક કરવાનો રહેશે.

ધી રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન
નિયામકની કચેરી, ગુજરાત રાજય, કૃષિભવન, ગાંધીનગર ખાતે આવેલી
મરઘાં વિકાસ શાખા ને લગતા ૧૭ પ્રકરણો પૈકી
પ્રકરણ નં. ૨ ને
લગતી માહિતી દર્શાવતું પત્રક
પત્રક - ક

**પ્રકરણ -૨**

| | |
|---|---|
| વિષય :- | સંગઠનની વિગતો, કાર્યો અને ફરજો |

૨.૧: **જાહેર તંત્ર ઉદેશ / હેતું** : પશુપાલન ખાના હસ્તકની - મરઘાં વિકાસ શાખા દ્વારા સમગ્ર રાજયોમાં રાજય સરકાર દ્વારા મરઘાં પાલન વ્યવસાયનો વિકાસનો અર્થેનો હેતું.

૨.૨: **જાહેર તંત્રનું મિશન / દુરદેશીપણું (વિકાસ)** : પશુપાલન ખાતા દ્વારા રાજય સરકારશ્રી વતી મરઘાંપાલન વ્યવસાય અપનાવવા ઈચ્છુક લાભાર્થીઓને આવક રોજગવારીની તકો તથા વધારાની રોજગારી અને તે દ્વારા આવક પુરી પાડવી - કુંટુંબ દીઠ આવકનું સાધન વિસ્તારવું - તથા ગ્રામ્ય સ્તરના લોકોની સામાજીક - આર્થિક કક્ષાને બળવત્તર બનાવવી.

**દુરંદેશીપણું** : આગામી વર્ષોએ મરઘા પાલન વ્યવસાય ક્ષેત્રે વધુ ઈંડા આપતાં, વધુ માંસ આપતા પક્ષીઓ કે જેમાં જુદી જુદી બ્રીડ - જાતોની ક્ષમતા આધારિત, તેનો ઉછેર, સપ્લાય, વ્યવસાયને લગતી - ડાઈવર્સીટીફિશન ઓફ પોલ્ટ્રી બિઝનેશની તકો ઉજળી બનાવવી.

૨.૩: **જાહેર તંત્રનો ટૂંકો ઈતિહાસ અને તેની રચનાનો સંદર્ભઃ**

આપણા ખેતી પ્રધાન દેશની આબાદી ગ્રામ્ય અર્થકરણ સામે સંકળાયેલ હોઈ ગ્રામ્ય સ્તકના લોકો આવક રોજગારી માટે ખેતી તેમજ તેને સંલગ્ન વ્યવસાય એટલે કે મરઘાંપાલન વ્યવસાય પણ વર્ષોથી કરતા આવેલ છે. મરઘાંપાલન વ્યવસાય ફકત ગ્રામ્ય સ્તરે જ નહી બલકે, શહેરી વિસ્તારમાં અપનાવી શકવાની અગત્યતા ધરાવતો હોવાથી, વધારાની આવક પુરતો જ સીમિત ન હોઈ, પૂર્ણ રોજગારી ના સાધન તરીકે વિકાસ પામી શકે તેવી ક્ષમતા તથા પાસાઓ ધરાવતો હોવાથી પશુપાલન ખાતા દ્વારા મરઘાં વિકાસ શાખા દ્વારા જુદી જુદી યોજનાઓ હેઠળ અમલમાં મૂકવા અંગેની રચનાઓ આકાર લીધેલ છે. ભારતની વસ્તીના ૮૦ ટકા માંસાહારી હોવાના અંદાજ છે. જયારે ઈંડા અને મરઘાં માસનો વાર્ષિક ઉત્પાદન દર ૬ અને ૮.૫ ટકા નોંધાયેલ છે. વળી, આપણા દેશમાં વ્યકિતદીઠ વાર્ષિક ઈંડાનો વપરાશ ઉત્પાદન મુજબ લગભગ ૨૮ નંગ અને મરઘાં માસનો વપરાશ વાર્ષિક લગભગ ૧૩૦-૧૫૦ ગ્રામનો છે. જયારે રાષ્ટ્રીય પોષણ સંસ્થા (એન.આઈ.એમ) એ નિર્ધારીત કરેલ વ્યકિત દીઠ વાર્ષિક જથ્થો ૧૮૦ નંગ

ઈંડા અને મરઘાં માંથી ૧૧,૦૦૦ કિ.ગ્રા. મરઘાં માસનો છે. આ પ્રમાણને ધ્યાનમાં લઈએ, તો દેશમાં વ્યકિતદીઠ ઈંડાની જે પ્રાપ્યતા છે. તેમાં ફકત ૧ ઈંડાનો વધારો હાંસલ કરવો હોય- -તો પણ ૪૦ લાખ મરઘાંઓની જરૂરિયાત રહે છે. આ હકીકતને ધ્યાનમાં લઈ મરઘાંપાલન વ્યવસાય માટેની વિકાસની ઉજળી તકો થકી પશુપાલન ખાતા દ્વારા મરઘાં વિકાસ શાખા દ્વારા સમગ્ર રાજયમાં વિવિધ યોજનાઓ દ્વારા તકો પૂરી પાડવાનો પ્રયત્ન થઈ રહેલ છે.

## ૨.૪: જાહેર તંત્રની ફરજો

પશુપાલન ખાતા હસ્તકના મરઘાં વિકાસ શાખા દ્વારા વિવિધ યોજનાઓ રાજય સરકારશ્રી વતી અમલમાં મુકવી. તે યોજનાઓના ઉદ્દેશ- ઢાંચાને અનુરૂપ લક્ષ્યાંક સિધ્ધિ (નાણાંકીય તેમજ ભૌતિક) ની દર ત્રણ માસે તેમજ સ્થળ પર જઈ સમીક્ષા હાથ ધરવાની ફરજો મુખ્યત્વે છે.

## ૨.૫ જાહેર તંત્રની મુખ્ય પ્રવૃતિઓ / કાર્યોઃ-

પશુપાલન ખાતા હસ્તકની મરઘાં વિકાસ કાર્યક્ષેત્ર હેઠળ ક્ષેત્રિયકક્ષાએ અમલી કરણમાં મુકાયેલ વિવિધ યોજનાઓ અંતર્ગત.

(૧) સઘન મરઘાં વિકાસ કાર્યક્રમ હેઠળની વિવિધ યોજનાઓમાં મરઘાંપાલકોને ઉછરેલા પક્ષીઓ આપવા.

(૨) મરઘાં વિકાસ કાર્યક્રમ હેઠળ સ્થપાયેલ હેચરીમાં બચ્ચાં ઉત્પાદન કાર્યક્રમ.

(૩) મરઘાં વિકાસ કાર્યક્રમ હેઠળ ખાતાની સીધી દેખરેખ હેઠળના મરઘાં આહાર ઉત્પાદન કેન્દ્રો દ્વારા મરઘાં આહાર ઉત્પાદન કરી નહી નફો નહી નુકશાનના ધોરણે મરઘાંપાલકોને પુરા પાડવા.

(૪) જિલ્લા ક્ષેત્રેના મરઘાં ફાર્મ માટે લક્ષ્યાંક મુજબના બચ્ચાં ઉછેરી મરઘાંપાલકોને જરૂરીયાત મુજબ બચ્ચાં પૂરા પાડવા.

(૫) મરઘાં નિદર્શન કેન્દ્રો માટે મરઘાં ઉછેરના લક્ષ્યાંકો મુજબ મરઘાંપાલકોની જરૂરયાત મુજબ પુરા પાડવા.

(૬) વિભાગીય કક્ષાએના મરઘાં સંવર્ધન ફાર્મ દ્વારા લક્ષ્યાંકોને મુજબ બચ્ચાં ઉછેર કરી મરઘાંપાલકોની જરૂરીયાત મુજબ પૂરાં પાડવા.

(૭) ખેડૂતોને મરઘાંપાલન વ્યવસાય કરવા ઈચ્છુકોને તાલીમ આપવી.

(૮) સમાજના આર્થિક રીતે નબળા વર્ગના લોકોને મરઘાંપાલન દ્વારા વિકાસ કરવા જેમાં બહેનોનો પણ ખાસ સમાવેશ કરવામાં આવે છે.

(૯) ખાસ અંગભૂત યોજના હેઠળ મરઘાં એકમની સ્થાપના, મરઘાં ફાર્મની સ્થાપના તથા

સ્ટાઈપેન્ડની યોજના હેઠળ અનુસુચિત જાતિના લોકોને લાભ આપવામાં આવે છે.

(૧૦) જિલ્લા ક્ષેત્રેના તમામ મરઘાં વિકાસ ઘટકો દ્વારા ગ્રામ્ય સભાનું લક્ષ્યાંક મુજબ આયોજન, રૂબરૂ સંપર્ક તથા મરઘાંપાલન શિબીરનું આયોજન જેમાં મહિલાઓ જે પણ શિબિરાર્થી તરીકે સમાવેશ કરવામાં આવે છે.

(૧૧) મરઘાં આહાર અર્થે તેમાં વપરાતા કાચામાલ અને મરઘાં આહારના ગુણવત્તાના ધરણે જાળવવા / નિયંત્રણ રાખવા-પોલ્ટ્રી ફીડ ટેસ્ટીંગ લેબોરેટરી - આણંદ (સમગ્ર રાજયમાંની માત્ર એક) દ્વારા નમુનાઓનું પૃથ્થકરણ હાથ ધરવામાં આવે છે.

(૧૨) સમગ્ર રાજયના દેશી પક્ષીઓની સંખ્યાને ધ્યાનમાં રાખી તે દેશી પક્ષીઓને પણ રોગ પ્રતિકારક રસીકરણ કરવામાં આવે છે. જે કામગીરી રાજયના ક્ષેત્રિય કક્ષાના ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટકો - જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્રો તથા તમામ જિલ્લા પંચાયતો હસ્તકના પશુ આરોગ્ય કેન્દ્રો દ્વારા સદર કામગીરી હાથ ધરવામાં આવે છે.

૨.૬ : **<u>જાહેર તંત્રના રાજય, નિયામકની કચેરી, પ્રદેશ, જિલ્લો બ્લોક વગેરે સ્તરોએ સંસ્થાગત માળખાનો આલેખ.</u>**

પશુપાલન ખાતા દ્વારા મરઘાં વિકાસ શાખા હસ્તકની નીચે જણાવેલ વિવિધ સંસ્થાઓ ઉદેશ્ય મુજબની મરઘાં વિકાસ કાર્યક્રમની કામગીરી હાથ ધરે છે.

**(૧) ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટકો : (૧૨) -**

(૧)સુરત (૨) મકરબા-અમદાવાદ (૩)જુનાગઢ (૪)વડોદરા (૫)દાહોદ (૬)વલસાડ (૭)વ્યારા (૮)વાલીયા (૯) હિંમતનગર (૧૦) રાજકોટ (૧૧) નડીયાદ (૧૨) મહેસાણા.

**જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્રો (૫):-**

(૧૩)પાલનપુર (૧૪) ભૂજ (૧૫) જામનગર (૧૬) આહવા-ડાંગ (૧૭) શિહોર.

(૨) **મરઘાં આહાર ચકાસણી એકમ** (૧) આણંદ.

(૩) **બતક ઉછેર કેન્દ્ર માંડવી - સુરત** (૧) - કુલ ૧૯

(૪) **ગ્રામ્ય પશુ સારવાર સહ મરઘાં સેવા કેન્દ્ર** : ૬૬.

(૫) **મરઘાં સેવા કેન્દ્રોઃ** ૧૯ કુલ ૮૫

દ્વારા મરઘાં વિસ્તરણની કામગીરી થાય છે.

૨.૭ **<u>જાહેર તંત્રની અસરકારકતા અને કાર્યક્ષમતા વધારવા માટેની લોકો પાસેથી અપેક્ષાઓઃ-</u>**

રાજય સરકારે પશુપાલન ખાત દ્વારા મરઘાં વિકાસ હેઠળ મરઘાંપાલન વ્યવસાયની વિવિધ યોજનાઓનો મહત્તમ લાભ લઈ મરઘાંપાલન વ્યવસાયને "પુરક રોજગારીની તક તરીકે નહી પણ પૂર્ણ રોજગારીની તક" તરીકે અપનાવવા અંગેની લોકો પાસેથી અપેક્ષા છે.

૨.૮ **<u>લોક સહયોગ મેળવવા માટેની ગોઠવણ અને પધ્ધતિઓઃ</u>**

જિલ્લા ક્ષેત્રેના તમામ મરઘાં વિકાસ ઘટકો દ્વારા ગ્રામ સભાનું આયોજન કરવાના લક્ષ્યાંક મુજબની કામગીરી, રૂબરૂ સંપર્ક તથા મરઘાંપાલન શિબીરનું આયોજન જેમાં - મહિલાઓને પણ શિબિરાર્થી તરીકે સંકલીત કરીને લોકો દ્વારા સરકારશ્રીના પશુપાલન ખાતા દ્વારા મરઘાં વિકાસ કાર્યક્રમની સમજુતી આપનીને લોક સહયોગ મેળવવાની પધ્ધતિ અખત્યાર કરવામાં આવે છે.

૨.૯ **<u>સેવા આપવાના દેખરેખ નિયંત્રણ અને જાહેર ફરિયાદ નિવારણ માટે ઉપલબ્ધ તંત્રઃ</u>**

સમગ્ર રાજયમાંની પશુપાલન ખાતા હસ્તકની કચેરીઓ - મરઘાંપાલન વિકાસ કાર્યક્રમની કચેરી, ઘટકો, કેન્દ્રો વિગેરે પર જે તે જિલ્લાના ઘટક એકમના વડા, ત્યારબાદ તેમની સર્વે પર વિભાગીય કક્ષાના વડા અને પશુપાલન ખાતાની વડી કચેરીની મરઘાં વિકાસ શાખા દ્વારા સીધી દેખરેખ તેમજ નિયંત્રણ હાથ ધરાય છે તથા દર માસે યોજનાકીય વર્ષ દરમ્યાન થતી નાણાંકીય તથા ભૌતિક લક્ષ્યાંકો સિધ્ધી પરત્વે સમીક્ષા હાથ ધરવાની કામગીરી કરવામાં આવે છે.

૨.૧૦ **<u>મુખ્ય કચેરી અને જુદા જુદા સ્તરોએ આવેલી અન્ય કચેરીઓનાં સરનામાં</u>:**

વપરાશકારને સમજાવવામાં સરળ પડે તેમ માટે જિલ્લાવાર વર્ગીકરણ આ સાથે પત્રક "અ" સામેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૨.૧૧ | **કચેરી શરૂ થવાનો સમય** | : | **૧૦.૩૦ સવારે** |
| | **કચેરી બંધ થવાનો સમય** | : | **૬.૧૦ સાંજે** |

ધી રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન
નિયામકની કચેરી, ગુજરાત રાજય, કૃષિભવન, ગાંધીનગર ખાતે આવેલી
મરઘાં વિકાસ શાખા ને લગતા ૧૭ પ્રકરણો પૈકી
પ્રકરણ નં. ૩ . ને
લગતી માહિતી દર્શાવતું પત્રક
પત્રક - ક

**<u>પ્રકરણ -૩</u>**

| | |
|---|---|
| વિષયઃ- | **અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો** |

૩.૧ **સંસ્થાના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજોની વિગતો.**

**હોદ્દો** : (૧) નાયબ પશુપાલન નિયામકશ્રી, મરઘાં વિકાસ શાખા.

(૨) મદદનીશ પશુપાલન નિયામકશ્રી, મરઘાં વિકાસ શાખા.

**સત્તાઓઃ**

વહીવટી : રાજય સરકારશ્રીના પશુપાલન ખાતાના વડાશ્રી.

નાણાંકીય : પશુપાલન નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.

અન્ય : વતી ફરજો નિભાવવાની થતી હોવાથી સર્વે પ્રકારની સત્તાઓ પશુપાલન નિયામકશ્રી ને જ રહેલી છે. તેમ છતાં,પશુપાલન નિયામકશ્રીની સત્તાઓ તેમના વતી નિભાવાય છે.

**ફરજો**: પશુપાલન નિયામકશ્રી વતી સમગ્ર રાજયમાં મરઘાં વિકાસ કાર્યક્રમ અન્વયેની સરકારશ્રીની યોજનાઓનું પૂર્ણ અમલીકરણ થાય તે જોવાની ફરજ મુખ્યત્વે નાયબ પશુપાલન નિયામક (મરઘાં વિકાસ) ની છે.

ધી રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન
નિયામકની કચેરી, ગુજરાત રાજય, કૃષિભવન, ગાંધીનગર ખાતે આવેલી
મરઘાં વિકાસ શાખા ને લગતા ૧૭ પ્રકરણો પૈકી
પ્રકરણ નં. .૪ . ને
લગતી માહિતી દર્શાવતું પત્રક
પત્રક - ક

**પ્રકરણ -૪**

| | |
|---|---|
| વિષય :- | **કાર્યો કરવા માટેના નિયમો, વિનિયમો, સૂચનાઓ, નિયમ સંગ્રહ અને દફતરો** |

૪.૧ **જાહેરતંત્ર અથવા તેનાં નિયંત્રણ હેઠળના અધિકારીઓ અને કર્મચારીઓએ ઉપયોગ કરવાના નિયમો, વિનિયમો, સુચનાઓ અને દફતરોની યાદી નીચેના નમુના મુજબ આપો.**

રાજય સરકારશ્રી દ્વારા પશુપાલન નિયામકશ્રી વતી મરઘાં વિકાસ શાખા એટલે કે આ એક પશુપાલન નિયામકશ્રીની કચેરીની શાખા હોઈ, સમગ્ર કચેરીની પશુપાલન નિયામકશ્રીની કચેરીની - પ્રશાસન અને વહીવટી શાખા દ્વારા નિયંત્રણ હેઠળના સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો - વિનિયમો, સુચનાઓ વિગેરેનું અમલીકરણ થાય છે. અત્રેની મરઘાં વિકાસ શાખાના અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓ એ એક પશુપાલન નિયામકશ્રીની કચેરીના ભાગરૂપ જ ફરજ બજાવી રહેલ છે. વ્યકિતને નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમસંગ્રહ અને દફતરોની નકલ સહિત મળશે.

સરનામું:- પશુપાલન નિયામકશ્રીની કચેરી (પ્રશાસન શાખા)

કૃષિભવન, બી બ્લોક, ચ-રોડ, સેકટર-૧૦/એ,ગાંધીનગર.

વિભાગ દ્વારા નિયમો ,વિનિયમો, સુચનાઓ, નિયમસંગ્રહ અને દફતરોની નકલ માટે લેવાની ફી.

કોઈપણ પ્રકારની ફી લેવાની નથી.

ધી રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન
નિયામકની કચેરી, ગુજરાત રાજય, કૃષિભવન, ગાંધીનગર ખાતે આવેલી
મરઘાં વિકાસ શાખા ને લગતા ૧૭ પ્રકરણો પૈકી
પ્રકરણ નં. ૫ . ને
લગતી માહિતી દર્શાવતું પત્રક

**પત્રક - ક**

**પ્રકરણ -૫**

નિતિ પડતર અથવા નિતિના અમલ સંબધી જનતાના સભ્યો સાથે સલાહ - પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કંઈ વ્યવસ્થા હોય તો તેની વિગત.

**નિતિ ઘડતર** : સરકારશ્રીના દ્વારા પશુપાલન ખાતા વતી જયારે જરૂર જણાયે નીતિનું ઘડતર કરાતું હોઈ, નીતિ ઘડતર અન્વયે - અત્રેથી કોઈ સીધો ફાળો આપવાનો રહેતો નથી.

ધી રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન
નિયામકની કચેરી, ગુજરાત રાજય, કૃષિભવન, ગાંધીનગર ખાતે આવેલી
મરઘાં વિકાસ શાખા ને લગતા ૧૭ પ્રકરણો પૈકી
પ્રકરણ નં ૬ ને
લગતી માહિતી દર્શાવતું પત્રક
પત્રક - ક

**પ્રકરણ - ૬ ( નિયમ સંગ્રહ - ૫)**

## જાહેર તંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળની વ્યકિતઓ પાસેના દસ્તાવેજોની કક્ષાઓ અંગેનું પત્રક

૬.૧: **સરકારી દસ્તાવેજો ................ ઉલ્લેખ કરો**

પશુપાલન ખાતા હસ્તકની - પશુપાલન નિયામકશ્રી વતી મરઘાં વિકાસ કાર્યક્રમ પરત્વેની કામગીરીની રહેલ આ મરઘાં વિકાસ શાખા અને સરકારશ્રી દ્વારા મરઘાં વિકાસ પ્રવૃતિ અર્થે અમલી-કરણમાં મુકાતી યોજનાઓ, તેના અમલીકરણ અર્થે સરકારશ્રી સાથે ક્ષેત્રિય કચેરીઓ સાથે થતું કોરસપોન્ડસ - થતો પત્ર વ્યવહાર, તે જ રીતે ભારત સરકારશ્રી દ્વારા અમલમાં મુકાતી યોજનાઓ પરત્વેનો - ભારત સરકારશ્રી અને ક્ષેત્રિય કક્ષા સાથેનો પત્ર વ્યવહાર તે ઉપરાંત સમગ્ર પશુપાલન ખાતાની "પ્રોપ્રાયટરી મેડીસીન" ની ખાતા દ્વારા નિયુકત કરેલ "ખાતાકીય ખરીદ સમિતિ"ની કાર્યવાહીના દફતરની ઉપલબ્ધિ અત્રે છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, મરઘાં વિકાસ શાખાએ પશુપાલન ખાતાના વડાશ્રી પશુપાલન નિયામકશ્રી વતી - કચેરીના એક ભાગરૂપે જ વહીવટ કરતી હોઈ, મરઘાં વિકાસ શાખાને લગતા દફતર ઉપલબ્ધ હોય છે.

ધી રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન

નિયામકની કચેરી, ગુજરાત રાજય, કૃષિભવન, ગાંધીનગર ખાતે આવેલી

મરઘાં વિકાસ શાખા ને લગતા ૧૭ પ્રકરણો પૈકી

પ્રકરણ નં. ૭ . ને

લગતી માહિતી દર્શાવતું પત્રક

પત્રક - ક

**પ્રકરણ - ૭ ( નિયમ સંગ્રહ - ૬)**

**તેના ભાગ તરીકે રચાયેલી બોર્ડ, પરિષદ, સમિતિઓ અને અન્ય સંસ્થાઓનું પત્રક** :

૭.૧: **જાહેર તંત્રને .......... અન્ય મંડળોને વિગતઃ-**

પશુપાલન ખાતાની મરઘાં વિકાસ શાખા હેઠળ કે તેના ભાગ તરીકે રચાયેલી કોઈ કાર્યપધ્ધતિ હાલમાં અખત્યાર નથી.

ધી રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન

નિયામકની કચેરી, ગુજરાત રાજય, કૃષિભવન, ગાંધીનગર ખાતે આવેલી

મરઘાં વિકાસ શાખા ને લગતા ૧૭ પ્રકરણો પૈકી

પ્રકરણ નં .૮ ને

લગતી માહિતી દર્શાવતું પત્રક

પત્રક - ક

**<u>પ્રકરણ - ૮ ( નિયમ સંગ્રહ - ૭)</u>**

## સરકારી માહિતી અધિકારીઓનાં નામ, હોદો અને અન્ય વિગતો

૮.૧ **<u>જાહેર તંત્રના સરકારી ........ વિશેની સંપર્ક માહિતી</u>**.

સમગ્ર પશુપાલન ખાતાને લાગુ પડતું હોવાથી પશુપાલન નિયામકશ્રીની કચેરીની પ્રશાસન અને વહીવટી શાખા દ્વારા નિયત થયે / જણાવાય છે. જે અત્રે લાગુ પડતું નથી.

ધી રાઈટ ટુ ઈન્ર્ફોમેશન એકટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન

નિયામકની કચેરી, ગુજરાત રાજય, કૃષિભવન, ગાંધીનગર ખાતે આવેલી

મરઘાં વિકાસ શાખા ને લગતા ૧૭ પ્રકરણો પૈકી

પ્રકરણ નં.૯ ને

લગતી માહિતી દર્શાવતું પત્રક

પત્રક - ક

## પ્રકરણ - ૯

### નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપધ્ધતિઃ

૯.૧ થી ૯.૬: રાજય સરકારશ્રી દ્વારા પશુપાલન ખાતાના વડાશ્રી દ્વારા પશુપાલન ખાતાનો વહીવટ થતો હોઈ નિર્ણય લેવાની પ્રક્રિયા સીધે સીધી અત્રે સ્પર્શતી ના હોઈ, લાગુ પડતું નથી. રાજય સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ દ્વારા પશુપાલન ખાતા અન્વયેના નિર્ણયો લેવાના હોય .

ધી રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન
નિયામકની કચેરી, ગુજરાત રાજય, કૃષિભવન, ગાંધીનગર ખાતે આવેલી
મરઘાં વિકાસ શાખા ને લગતા ૧૭ પ્રકરણો પૈકી
પ્રકરણ નં. ૧૦ . ને
લગતી માહિતી દર્શાવતું પત્રક
પત્રક - ક

**<u>પ્રકરણ - ૧૦</u>**

**અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા પશુપાલન નિયામકની કચરી મરઘાં વિકાસ શાખાની માહિતી.**

| અ.નં. | નામ | હોદ્દો | ફોન નંબર | સરનામુ |
|---|---|---|---|---|
| | | | કચેરી | |
| ૧ | ર્ડા.એન.બી..પ્રજાપતિ | નાયબ પશુપાલન નિયામક | ૨૩૨૫૬૧૮૫ | ૬૪/૨,કિસાનનગર, સેકટર-૨૬, ગાંધીનગર |
| ૨ | ર્ડા.બી.પી.પટેલ | મદદનીશ પશુપાલન નિયામક | ૯૮૨૪૪૩૪૫૨૫ | ૫-કામેશ્વર બંગ્લોઝ,દેવસીટીની બાજુમાં,આરસી ટેકનીકલ રોડ, ચાણકયપુરી,ઘાટલોડીયા, અમદાવાદ. |
| ૩ | શ્રી પી.એસ.રાઓલ | પશુધન નિરીક્ષક | ૯૯૭૪૩૭૦૦૭૫ | ૪૩, શ્યામધામ સોસાયટી, સરદાર ચોક,કૃષ્ણનગર,અમદાવાદ |
| ૪ | કુ. આર.ડી.પટેલ | પશુધન નિરીક્ષક | ૨૩૨૫૬૧૮૫ | ડી-૫૦૧,શાન્તિ રેસીડેન્સી, સરગાસણ, ગાંધીનગર. |
| ૫ | શ્રી. આર.એચ.પટેલ | જુની.કારકુન | ૨૩૨૫૬૧૮૫ | ગુરૂકૃપા હોસ્ટેલ, સેકટર-૧૩,ગાંધીનગર. |
| | | | | |

ધી રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન
નિયામકની કચેરી, ગુજરાત રાજય, કૃષિભવન, ગાંધીનગર ખાતે આવેલી
મરઘાં વિકાસ શાખા ને લગતા ૧૭ પ્રકરણો પૈકી
પ્રકરણ નં. ૧૧ . ને
લગતી માહિતી દર્શાવતું પત્રક
પત્રક - ક

**પ્રકરણ - ૧૧( નિયમ સંગ્રહ - ૧૦ )**

**વિનિયમોમાં જોગવાઈ કર્યા મુજબ મહેનતાણાની પધ્ધતિ સહિત દરેક અધિકારી અંગે કર્મચારીને મળતું માસિક મહેનતાણું**

૧૧.૧: પશુપાલન ખાતા હસ્તકની મરઘાં વિકાસ પ્રવૃતિ સાથે સંકળાયેલ મરઘાં વિકાસ શાખા, નિયામકશ્રીની કચેરી ખાતે ફરજ બજાવતા અધિકારી / કર્મચારીઓની નમુના મુજબના પત્રકમાં માહિતી સામેલ કરેલ છે.

| અ.નં | નામ | હોદ્દો | માસિક મહેનતાણું | વળતર ભથ્થુ સરકારશ્રીના પ્રર્વતમાન | વિનિયમન જણાવ્યા મુજબ મહેનતાણું નકકી કરવાની કાર્યપધ્ધતિ |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| (૧) | ર્ડા.એન. બી.પ્રજાપતિ | નાયબ પશુપાલન નિયામક | ૮૩૩૦૦/ | સરકારશ્રીના પર્વતમાન નિયમોનુસાર | સરકારશ્રીના પર્વતમાન નિયમોનુસાર નકકી થયા મુજબ. |
| (૨) | ર્ડા.બી.પી.પટેલ | મદદનીશ પશુપાલન નિયામક | ૧૧૭૮૦૦/ | “ | “ |
| (૩) | શ્રી પી.એસ.રાઓલ | પશુધન નિરીક્ષક | ૬૪૪૦૦/. | “ | “ |
| (૪) | કુ.આર.ડી.પટેલ | પશુધન નિરીક્ષક | ૧૯,૯૫૦/- ફીકસપગાર | “ | “ |
| (૫) | શ્રી.આર.એચ.પટેલ | જુની.કારકુન | ૧૯,૯૫૦/- ફીકસપગાર | “ | “ |
| | | | | | |

ધી રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન
નિયામકની કચેરી, ગુજરાત રાજય, કૃષિભવન, ગાંધીનગર ખાતે આવેલી
મરઘાં વિકાસ શાખા ને લગતા ૧૭ પ્રકરણો પૈકી પ્રકરણ નં. ૧૨ ને
લગતી માહિતી દર્શાવતું પત્રક-ક

**પ્રકરણ - ૧૨( નિયમ સંગ્રહ - ૧૧)**

પ્રત્યેક સંસ્થાને ફાળવાયેલ અંદાજપત્ર, તમામ યોજનાઓ, સુચિત ખર્ચ અને કરેલ ચૂકવણી અંગે અહેવાલોની વિગતો.

વિકાસ, નિર્માણ અને તકનિકી કાર્યો અંગે જવાબદાર જાહેર તંત્ર માટે. વર્ષ - ૨૦૧૮-૧૯ (રૂ. લાખમાં)

| અ નં | યોજનાનું નામ / સદર | પ્રવૃતિ | પ્રવૃતિ શરૂ કર્યા તારીખ | પ્રવૃતિના અંતની અંદાજે તારીખ | સૂચિત રકમ | મંજુર થયેલ રકમ | છુટી કરેલ / રજુ કરેલ રકમ હપ્તાની સંખ્યા | છેલ્લા વર્ષનું ખરેખર ખર્ચ | કામની ગુણવતા માટે સંપૂર્ણપણે કામગીરી માટે જવાબદાર અધિકારી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) |
| ૧ | સઘન મરઘાં વિકાસ પરિયોજના નોન પ્લાન ૨૪૦૩ ૫.પા. ૧૦૩ (મરઘા વિકાસ (૧) સ.મ.વિ.શ્રી મા.નં.૪ | (૧) ધ.મ.વિ.ધ. ની સ્થાપના કરવી અને ફીડ ફેકટરીની સ્થાપના, સ્ટોક નિભાવી બચ્ચાનું ઉત્પાદન કરવું. (૨)ધ.મ.વિ.ધ.મ./કરવા જુનાગઢ હેચરી વિસ્તરણ , મહેસાણા, રાજકોટ તથા સહાયકીની યોજના (૩)સ.મ.સ.કા. હેઠળ મકરબા, જુનાગઢ, સુરત, વડોદરા, પાલનપુર, | ૩૦/૪/૮૭ | - | - | ૧૭૧૬.૦૦ | --- | ૧૪૩૧.૦૪ | સંબઘિત કચેરીના અધિકારી- |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ભુજના અધિકારી/કર્મચારીઓના પગાર ભથ્થાની યોજના<br>(૪)મરઘાં ફાર્મ અને વિસ્તરણ કેન્દ્રો સારૂ મહેકમની યોજના<br>(૫)ચણ ચકાસણી એકમ સારૂ નમુનાના પૃથ્થકરણ સારૂ લેબો.ની સ્થાપના | | | | | | | |
| ૨ | સઘન મરઘાં વિાસ પરિયોજના મા.નં.૯૬ ૭૯૬ આ.વિ.પ.યો.(૪) સ.મ.વિ.ધ.પરિયોજના નોન પ્લાન | (૧)ઘમ. વિ. દાહોદ, વડોદરા, વલસાડ, હિંમતનગર, વાલીયા, ભરૂચ, વ્યારા, સુરત, પાલનપુર ઘટકની સ્થાપના ૧/૫/૮૭<br>(૨)આ.વિ.ચ.યો.ના. લાભાર્થીઓને લાભ આપેલ તેની ચકાસણી સારૂ ડ્રાઈવર મુખ્ય મથકે- ૧/૫/૮૭<br>(૩)દાહોદ / વડોદરાના મહેકમની યોજના ૨૩/૪/૮૭<br>ભરૂચ મુકામે પીલા ઉછેર કેન્દ્રની સ્થાપના-૨૩/૪/૮૭<br>ધ.મ.વિ.ધ. ચણપાઈ વલસાડ / વ્યારા, સુરત ખાતે બચ્ચા ઉછેરની યોજના. ૩૦/૪/૮૭ | | | | ૬૩૬.૮૦ | | ૫૪૦.૨૩ | |
| ૪ | ખાસ અંગભૂત યોજના મા.નં.૯૫, ૨૪૦૩-૫.પા. ૧૦૪(૧) ઘેટા અને ઉન વિકાસ પ્લાન યોજના | અનુસુચિત જાતિના લોકોની સહાયકીની યોજના | ૨૬/૫/૮૪ | - | - | ૨૨૦.૮૬ | --- | ૨૧૯.૬૨ | સંબધિત કચેરીના અધિકારી- |

ધી રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન
નિયામકની કચેરી, ગુજરાત રાજય, કૃષિભવન, ગાંધીનગર ખાતે આવેલી
મરઘાં વિકાસ શાખા ને લગતા ૧૭ પ્રકરણો પૈકી
પ્રકરણ નં. ૧૩ . ને
લગતી માહિતી દર્શાવતું પત્રક
પત્રક - ક

**પ્રકરણ - ૧૩**

**સહાયકી કાર્યક્રમોની અમલ અંગેની પધ્ધતિ**

૧૩.૧ :ખાસ અંગભૂત યોજના:- **યોજના ક્રમાંક : ૧**

યોજનાનુ નામ: ૧૦૪-૧ અનુસૂચિત જાતિના ઈસમોને ૨૫ આર.આઈ.આર પક્ષીના એકમ ની સ્થાપના પર સહાયની યોજના

યોજનાનો હેતુ : અનુસુચિત જાતિના લોકો મોટે ભાગે ગરીબ હોય છે અને મજુરી કામ કરી જીવન ગુજરે છે. આ યોજનાનો મુખ્ય હેતુ મરઘાંપાલન વ્યવસાય દ્વારા આવા લોકોને આર્થિક લાભ મળે તથા કુટુંબના સભ્યોને પ્રોટીનયુકત આહાર મળે તે છે. સામાન્ય રીતે અ.જાતિના લોકો જુજ સંખ્યામાં ઘર આંગણે દેશી મરઘાં રાખતા હોય છે. પરંતુ આવા મરઘાંની ઉત્પાદન ક્ષમતા ઓછી હોઈ આર્થિક લાભ મળતો નથી. જેથી આ યોજના હેઠળ વધુ ઈંડા આપવાની ક્ષમતા ધરાવતા પક્ષીઓના એકમ શરૂ કરવા સહાય આપીને તેઓને પગભર કરી શકાય છે.

યોજનાનો ઢાંચો : ૨૫ આર.આઈ.આર પક્ષી એકમના યોજનાનો ઢાંચો

| અ.નં | વિગત | એકમનો કુલ ખર્ચ રૂા. | સરકારશ્રી નો ફાળો | લાભાર્થી નો ફાળો |
|---|---|---|---|---|
| ૧ | છ થી આઠ અઠવાડિયા સુધીના ઉછરેલ ૨૫ આર.આઈ. આર. પક્ષી પરિવહન ખર્ચ તથા ઉછેર ખર્ચ સાથેની કિંમત | ૨૩૦૦ | ૨૩૦૦ | ૦ |
| ૨ | એકમ સાથે આપવાનો મરઘાં આહાર | ૨૨૦૦ | ૨૨૦૦ | ૦ |
| ૩ | રાત્રી રક્ષણ માટે મરઘાંનો ખુડો કે વાંસનો ટોપલો અને ખોરાક પાણીના સાધનો | ૧૫૦૦ | ૦ | ૧૫૦૦ |
| | કુલ | ૬૦૦૦ | ૪૫૦૦ | ૧૫૦૦ |

આ યોજનાની શરતો અને બોલીઓ નીચે મુજબની રહેશે.

૧. આ યોજનાનો લાભ ફકત ગુજરાત રાજયના અનુસૂચિત જાતિના પુખ્ત ઈસમોને જ આપવાનો રહેશે તથા એક કુટુંબ ના એક સભ્યને લાભ આપી શકાશે.

૨. લાભાર્થીએ જાતિ અંગેના તથા શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો અરજી સાથે રજુ કરવાના રહેશે.

૩. લાભાર્થીએ મરઘાં પાલનની તાલીમ મેળવેલ હોવી જોઈએ.

૪. લાભાર્થીની પસંદગી જે તે વિસ્તારના મરઘાં ઘટક દ્વારા કરવાની રહેશે.

૫. લાભાર્થીઓની લીધેલી અરજીઓની ચકાસણી તથા ભલામણ કરીને તેની મંજુરી વિભાગીય સંયુકત પશુપાલન નિયામકશ્રી દ્વારા મેળવવાની રહેશે.

૬. આ યોજના હેઠળ લાભાર્થીને ૨૫ લો ઈનપુટ કક્ષાના પક્ષી આપવાના રહેશે. જયારે રાત્રી રક્ષણ માટે ખુડો કે વાંસનો ટોપલો અને ખોરાક પાણીના સાધનો લાભાર્થીએ લાવવાના રહેશે.

૭. આ યોજના હેઠળ લાભાર્થીને કુલ ખર્ચના ૭૫ ટકા સહાય અથવા મહત્તમ રૂા ૪૫૦૦/- ની સહાય વસ્તુ સ્વરૂપે આપવાની રહેશે.

૮. યુનિટના પક્ષીઓમાં રસીકરણ સમયસર કરાવવાનું રહેશે.

૯. યુનિટનું પક્ષી બિમાર પડે કે તરતજ ઘટકના અધિકારીની સારવાર મેળવવાની રહેશે

૧૦.સરકારી અધિકારી જયારે ફાર્મની મુલાકાત લે ત્યારે આવક-ખર્ચ નો હિસાબ બતાવવાનો રહેશે.

૧૧. ૨૫ આરઆઈઆર પક્ષીનું એકમ સામાન્ય સંજોગોમાં ૨ વર્ષ માટે નિભાવવાનું રહેશે.

૧૨. યોજના અંગેના અમલીકરણ અંગેની સંપૂર્ણ સત્તા પશુપાલન નિયામકશ્રીની રહેશે. અને યોજનાના અમલીકરણમાં જરૂર જણાયે શરતો અને બોલીઓમાં સુધારો વધારો કરી શકશે અને લાભાર્થીઓને તે બંધનકર્તા રહેશે.

૧૩. લાભાર્થીએ પક્ષી યુનિટ સાથે પોતાનો ફોટો પડાવીને ઘટકને આપવાનો રહેશે.

૧૪. આ યોજના હેઠળ આ સાથે સામેલ પત્રક-૧ મુજબ ફાળવેલ લક્ષ્યાંક મુજબ કામગીરી કરવાની રહેશે.

## યોજના ક્રમાંક : ૨

યોજનાનુ નામ : ૧૦૪-૧ અનુસૂચિત જાતિના મરઘાંપાલક તાલીમાર્થીઓને સ્ટાઈપન્ડ આપવાની યોજના

યોજનાનો હેતુ : ગુજરાત રાજયમાં મરઘાંપાલનના વિકાસને ધ્યાને લઈ મરઘાં પાલનમાં રસ ધરાવતા મરઘાંપાલકોને વૈજ્ઞાનિક ઢબે મરઘાંનો ઉછેર કરવા માટે જરૂરી તાંત્રિક જ્ઞાન આપવાનો આ યોજનાનો હેતુ છે.

આ યોજનાની શરતો અને બોલીઓ નીચે મુજબ છે.

૧. આ યોજનાનો લાભ ફકત ગુજરાત રાજયના અનુસૂચિત જાતિના પુખ્ત ઈસમોને જ આપવાનો રહેશે તથા એક કુટુંબ ના એક સભ્યને લાભ આપી શકાશે.

૨. લાભાર્થીએ જાતિ અંગેના તથા શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો અરજી સાથે રજુ કરવાના રહેશે.

૩. આ યોજના હેઠળ તાલીમાર્થીએ ૬ દિવસની મરઘાં પાલન તાલીમ લેવાની રહેશે.

૪. મરઘાં પાલન તાલીમ લેનાર તાલીમાર્થી ને દૈનિક રૂા ૩૦૦/- પ્રમાણે ૬ દિવસના રૂા ૧૮૦૦/- સ્ટાઈપેન્ડ તથા તાલીમમાં આવવા જવાનુ ભાડુ વધુમાં વધુ રૂા ૨૦૦/- મળી કુલ રૂા ૨૦૦૦/- ચુકવવાના રહેશે.

૫. આ યોજના હેઠળ આ સાથે બીડેલ પત્રક-૧ મુજબ ફાળવેલ લક્ષ્યાંક મુજબ કામગીરી કરવાની રહેશે.

૬. મરઘાંપાલન તાલીમ પૂર્ણ થયા બાદ તાલીમાર્થીને ફોટા સહીતનુ પ્રમાણપત્ર આપવાનુ રહેશે.

## યોજના ક્રમાંક : 3

યોજનાનુ નામ:૧૦૪-૧ અનુસૂચિત જાતિના ઈસમો દ્વારા ૧૦૦ બ્રોઈલર પક્ષીના એકમની સ્થાપના પર સહાયની યોજના.

યોજનાનો હેતુ : રાજયના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના અનુસૂચિત જાતિના લાભાર્થીઓ પૂરક રોજી ઉભી કરવા પ્રશંસનીય યોગદાન આપે છે. તેઓ ઘર આંગણે મરઘાં, બકરાં, ગાય, અને ભેંસ રાખી તેની માવજત કરવાનું કૌશલ્ય ધરાવે છે. લીલા ઘાસચારાની તંગી તથા ઝડપથી વધી રહેલ શહેરીકરણને કારણે ઘરઆંગણે મોટા પશુઓ પાળવાની સુવિધા નથી. જયારે મરઘાં સહેલાઈથી ઉછેરી શકાય છે. વળી, ઘરમાં વધેલી રસોઈનો મરઘાં ખોરાક તરીકે ઉપયોગ કરે છે. તેમજ મરઘાંને ખોરાક, પાણીની જરૂરીયાત પણ પ્રમાણમાં ઓછી રહે છે. ઘર આંગણે લાભાર્થીઓ ફાજલ સમયનો સદોપયોગ કરે તે માટે તેમને ૧૦૦ બ્રોઈલર પક્ષીના એકમ દ્વારા કુંટુંબનું ભરણ પોષણ તથા અન્ય પૂરક રોજી પણ ઉભી કરવામાં મદદરૂપ થઈ શકાય છે.

યોજનાનો ઢાંચો :

અનુસૂચિત જાતિના ઈસમો દ્વારા ૧૦૦ બ્રોઈલર પક્ષીના એકમની સ્થાપના પર સહાયની યોજનાનો ઢાંચો નીચે મુજબ છે.

| ક્રમ | ખર્ચની વિગત | અનાવર્તક ખર્ચ | આવર્તક ખર્ચ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૧ | બાંધકામ ૧૦×૧૦=૧૦૦ ચો.ફુટ<br>૧ ચો.ફુટ બાંધકામના રૂા.૨૨૦/-ગણતાં ૧૦૦ ચો. ફુટના રૂા. ૨૨૦૦૦.૦૦ | ૨૨૦૦૦.૦૦ | - | ૨૨૦૦૦.૦૦ |
| ૨ | સાધન પક્ષી દીઠ રૂા. ૨૫/- ગણતાં ૧૦૦ પક્ષીના રૂા. ૨૫૦૦.૦૦ | ૨૫૦૦.૦૦ | - | ૨૫૦૦.૦૦ |
| ૩ | બચ્ચા ખરીદી પક્ષી દીઠ રૂા.૧૭/-ગણતા ૧૦૦ બચ્ચાના રૂા. ૧૭૦૦.૦૦ | - | ૧૭૦૦.૦૦ | ૧૭૦૦.૦૦ |
| ૪ | ખોરાક બચ્ચા દીઠ ૩.૩ કિલો પ્રમાણે કિલોના રૂા. ૨૭ પ્રમાણે૧૦૦ બચ્ચા ×૩.૩ કિલો ×૨૭ રૂા. | - | ૯૦૦૦.૦૦ | ૯૦૦૦.૦૦ |
| ૫ | ઓવર હેડ ખર્ચ -પાણી, વિજળી, દવા, મજુરી તથા ખોરાકના ૧૧% પ્રમાણે આશરે | - | ૮૦૦.૦૦ | ૮૦૦.૦૦ |
| | કુલ | ૨૪૫૦૦.૦૦ | ૧૧૫૦૦.૦૦ | ૩૬૦૦૦.૦૦ |

ચુકવવા પાત્ર નાણાકીય સહાયની વિગત.

| ક્રમ | ચક્ર | પ્રથમ ચક્રનો ખર્ચ રૂા. | ખર્ચના ૭૫ % પ્રમાણે ચુકવવાપાત્ર સહાયની રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | પ્રથમ | ૩૬૦૦૦.૦૦ | ૨૭૦૦૦.૦૦ |

આ યોજનાની શરતો અને બોલીઓ નીચે મુજબ છે.

૧. આ યોજનાનો લાભ ફકત ગુજરાત રાજયના અનુસૂચિત જાતિના પુખ્ત ઈસમોને જ આપવાનો રહેશે તથા એક કુટુંબ ના એકજ સભ્યને લાભ આપી શકાશે.

૨. લાભાર્થીએ જાતિ અંગેના તથા શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો અરજી સાથે રજુ કરવાના રહેશે.

૩. લાભાર્થીએ મરઘાં પાલનની  તાલીમ મેળવેલ હોવી જોઈએ.
૪. અરજદારે ફાર્મ બાંધવા માટે જરૂરી પોતાની જમીન અથવા ભાડા પટ્ટેથી ૨ વર્ષ ઉપર જમીન સંપાદિત કર્યા અંગેનો દાખલો અરજી સાથે રજુ કરવાનો રહેશે.
૫. લાભાર્થી ની પસંદગી જે તે વિસ્તારના મરઘાં ઘટક દ્વારા કરવાની રહેશે.
૬. લાભાર્થીઓની લીધેલી અરજીઓની ચકાસણી તથા ભલામણ કરીને તેની મંજુરી વિભાગીય સંયુકત પશુપાલન નિયામકશ્રી દ્વારા મેળવવાની રહેશે.
૭. આ યોજના હેઠળ લાભાર્થીએ ૧૦૦ ચોરસ ફુટનું ક્ષેત્રફળ ધરાવતો શેડ ઘટકના અધિકારીની સુચના મુજબ તૈયાર કરવાનો રહેશે.
૮. આ યોજના હેઠળ લાભાર્થીએ ૧૦૦ લો ઈનપુટ કક્ષાના બ્રોઈલર પક્ષીના બચ્ચાં, જરૂરી મરઘાં આહાર, ખોરાક તથા પાણીના સાધનો વિગેરે લાભાર્થીએ લાવવાના રહેશે.
૯. આ યોજના હેઠળ લાભાર્થીને યુનિટની સ્થાપના અન્વયે થયેલ કુલ ખર્ચના ૭૫ ટકા  સહાય અથવા વધુમાં વધુ રૂા ૨૭૦૦૦/- ની સહાય  આપવાની રહેશે.
૧૦.  ૧૦૦ બ્રોઈલર પક્ષીનું એકમ સામાન્ય સંજોગોમાં ૨ વર્ષ માટે નિભાવવાનું રહેશે.
૧૧. સરકારી અધિકારી જયારે ફાર્મની મુલાકાત લે ત્યારે આવક-ખર્ચ નો હિસાબ બતાવવાનો રહેશે.
૧૨. યુનિટના પક્ષીઓમાં રસીકરણ સમયસર કરાવવાનું રહેશે.
૧૩. યુનિટનું પક્ષી બિમાર પડે કે તરતજ  ઘટકના અધિકારીની સારવાર મેળવવાની રહેશે
૧૪. યોજના અંગેના અમલીકરણ અંગેની સર્વ સત્તા પશુપાલન નિયામકશ્રીની રહેશે અને યોજનાના અમલીકરણમાં જરૂર જણાયે શરતો અને બોલીઓમાં સુધારો વધારો કરી શકશે અને લાભાર્થીઓને તે બંધનકર્તા રહેશે.
૧૫. લાભાર્થીએ બ્રોઈલર પક્ષી યુનિટ સાથે પોતાનો ફોટો પડાવીને ઘટકને આપવાનો રહેશે.
૧૬. આ યોજના હેઠળ આ સાથે સામેલ પત્રક-૧ મુજબ ફાળવેલ લક્ષ્યાંક મુજબ કામગીરી  કરવાની રહેશે.
૧૭. સદરહુ બ્રોઈલર પક્ષીનુ એકમ ઓછામાં ઓછા બે વર્ષ સુધી નિભાવવાનુ રહેશે અને વાર્ષિક  બે ચક્રો મુજબ ચાર ચક્રો લેવાના રહેશે.

| ખાસ અંગભુત યોજના ૨૪૦૩-૧૦૪(૧) પ્લાન વર્ષ ૨૦૧૮-૧૯ ની નાણાંકીય જોગવાઈ તથા ભૌતિક લક્ષ્યાંક | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **દર્શાવતુ પત્રક** | | | | | | | | | |
| અન | ઘટકનુ નામ | જીલ્લો | ૨૫ આર.આઈ.આર | | ૧૦૦ બ્રોઈલર | | સ્ટાઈપન્ડ | | ઘટકની કુલ નાણાંકીય ફાળવણી (રૂપિયા) |
| | | | ભૌતિક | નાણાંકીય (રૂપિયા) | ભૌતિક | નાણાંકીય (રૂપિયા) | ભૌતિક | નાણાંકીય (રૂપિયા) | |
| ૧ | ઘ.મ.વિ.ઘ અમદાવાદ | અમદાવાદ | ૧૭૮ | ૮૦૧૦૦૦ | ૧ | ૨૭૦૦૦ | ૧૭૯ | ૩૫૮૦૦૦ | ૨૦૨૪૫૦૦ |
| | | ગાંધીનગર | ૧૨૯ | ૫૮૦૫૦૦ | ૦ | ૦ | ૧૨૯ | ૨૫૮૦૦૦ | |
| ૨ | ઘ.મ.વિ.ઘ. નડીયાદ | નડીયાદ | ૧૮૬ | ૮૩૭૦૦૦ | ૦ | ૦ | ૧૮૬ | ૩૭૨૦૦૦ | ૨૪૩૧૦૦૦ |
| | | આણંદ | ૧૮૮ | ૮૪૬૦૦૦ | ૦ | ૦ | ૧૮૮ | ૩૭૬૦૦૦ | |
| ૩ | ઘ.મ.વિ.ઘ. હિમંતનગર | હિંમતનગર | ૮૫ | ૩૮૨૫૦૦ | ૧ | ૨૭૦૦૦ | ૮૬ | ૧૭૨૦૦૦ | ૧૧૩૪૦૦૦ |
| | | અરવલ્લી | ૮૫ | ૩૮૨૫૦૦ | ૦ | ૦ | ૮૫ | ૧૭૦૦૦૦ | |
| ૪ | ઘ.મ.વિ.ઘ. મહેસાણા | મહેસાણા | ૮૦ | ૩૬૦૦૦૦ | ૦ | ૦ | ૮૦ | ૧૬૦૦૦૦ | ૧૦૪૬૫૦૦ |
| | | પાટણ | ૮૧ | ૩૬૪૫૦૦ | ૦ | ૦ | ૮૧ | ૧૬૨૦૦૦ | |
| ૫ | ઘ.મ.વિ.ઘ. વડોદરા | વડોદરા | ૧૦૦ | ૪૫૦૦૦૦ | ૧ | ૨૭૦૦૦ | ૧૦૧ | ૨૦૨૦૦૦ | ૯૯૧૦૦૦ |
| | | છોટાઉદેપુર | ૪૮ | ૨૧૬૦૦૦ | ૦ | ૦ | ૪૮ | ૯૬૦૦૦ | |
| ૬ | ઘ.મ.વિ.ઘ. દાહોદ | દાહોદ | ૪૪ | ૧૯૮૦૦૦ | ૦ | ૦ | ૪૪ | ૮૮૦૦૦ | ૧૪૫૬૦૦૦ |
| | | પંચમહાલ | ૧૧૦ | ૪૯૫૦૦૦ | ૦ | ૦ | ૧૧૦ | ૨૨૦૦૦૦ | |
| | | મહીસાગર | ૭૦ | ૩૧૫૦૦૦ | ૦ | ૦ | ૭૦ | ૧૪૦૦૦૦ | |
| ૭ | ઘ.મ.વિ.ઘ. ચણવઈ-વલસાડ | વલસાડ | ૯૭ | ૪૩૬૫૦૦ | ૦ | ૦ | ૯૭ | ૧૯૪૦૦૦ | ૧૨૬૧૦૦૦ |
| | | નવસારી | ૯૭ | ૪૩૬૫૦૦ | ૦ | ૦ | ૯૭ | ૧૯૪૦૦૦ | |
| ૮ | ઘ.મ.વિ.ઘ. સુરત | સુરત | ૧૦૫ | ૪૭૨૫૦૦ | ૧ | ૨૭૦૦૦ | ૧૦૬ | ૨૧૨૦૦૦ | ૭૧૧૫૦૦ |
| ૯ | ઘ.મ.વિ.ઘ વાલીયા-ભરૂચ | ભરૂચ | ૮૯ | ૪૦૦૫૦૦ | ૦ | ૦ | ૮૯ | ૧૭૮૦૦૦ | ૧૧૭૦૦૦૦ |
| | | નર્મદા | ૯૧ | ૪૦૯૫૦૦ | ૦ | ૦ | ૯૧ | ૧૮૨૦૦૦ | |
| ૧૦ | ઘ.મ.વિ.ઘ જુનાગઢ | જુનાગઢ | ૧૧૦ | ૪૯૫૦૦૦ | ૦ | ૦ | ૧૧૦ | ૨૨૦૦૦૦ | ૧૭૫૫૦૦૦ |
| | | પોરબંદર | ૫૦ | ૨૨૫૦૦૦ | ૦ | ૦ | ૫૦ | ૧૦૦૦૦૦ | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ગીર સોમનાથ | ૧૧૦ | ૪૯૫૦૦૦ | ૦ | ૦ | ૧૧૦ | ૨૨૦૦૦૦ | |
| ૧૧ | ધ.મ.વિ.ધ.વ્યારા | તાપી | ૭૦ | ૩૧૫૦૦૦ | ૦ | ૦ | ૭૦ | ૧૪૦૦૦૦ | ૪૫૫૦૦૦ |
| ૧૨ | ધ.મ.વિ.ધ. | સુરેન્દ્રનગર | ૮૭ | ૩૯૧૫૦૦ | ૦ | ૦ | ૮૭ | ૧૭૪૦૦૦ | ૧૮૦૩૫૦૦ |
| | રાજકોટ | રાજકોટ | ૭૮ | ૩૫૧૦૦૦ | ૧ | ૨૭૦૦૦ | ૭૯ | ૧૫૮૦૦૦ | |
| | | મોરબી | ૧૦૮ | ૪૮૬૦૦૦ | ૦ | ૦ | ૧૦૮ | ૨૧૬૦૦૦ | |
| ૧૩ | જી.મ.વિ.કે પાલનપુર | બનાસકાંઠા | ૧૩૦ | ૫૮૫૦૦૦ | ૦ | ૦ | ૨૦૦ | ૪૦૦૦૦૦ | ૮૪૫૦૦૦ |
| ૧૪ | જી.મ.વિ.કે જામનગર | જામનગર | ૧૧૮ | ૫૩૧૦૦૦ | ૧ | ૨૭૦૦૦ | ૧૧૯ | ૨૩૮૦૦૦ | ૧૦૫૬૦૦૦ |
| | | દેવભૂમિ દ્વારકા | ૪૦ | ૧૮૦૦૦૦ | ૦ | ૦ | ૪૦ | ૮૦૦૦૦ | |
| ૧૫ | જી.મ.વિ.કે | ભાવનગર | ૧૦૫ | ૪૭૨૫૦૦ | ૦ | ૦ | ૧૦૫ | ૨૧૦૦૦૦ | ૧૫૩૪૦૦૦ |
| | સિહોર-ભાવનગર | અમરેલી | ૯૪ | ૪૨૩૦૦૦ | ૦ | ૦ | ૯૪ | ૧૮૮૦૦૦ | |
| | | બોટાદ | ૩૭ | ૧૬૬૫૦૦ | ૦ | ૦ | ૩૭ | ૭૪૦૦૦ | |
| ૧૬ | જી.મ.વિ.કે ભુજ | કચ્છ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | કુલ | ૩૦૦૦ | ૧૩૫૦০૦০০ | ૬ | ૧૬૨૦૦૦ | ૩૦૦૬ | ૬૦૧૨૦૦૦ | ૧૯૬૭૪૦૦૦ |

## ૧૩.૨ સમાજના આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે મરઘાં પાલન પર સહાયની યોજના

**યોજના ક્રમાંક : ૧**

યોજનાનુ નામ : સમાજના આર્થિક રીતે નબળા વર્ગના લોકોને ૨૫ આર.આઈ.આર પક્ષીના એકમ ની સ્થાપના પર સહાયની યોજના

યોજનાનો હેતુ : સમાજના આર્થિક રીતે નબળા વર્ગના લોકો ગરીબ હોય છે અને મજુરી કામ કરી જીવન ગુજરે છે. આ યોજનાનો મુખ્ય હેતુ મરઘાંપાલન વ્યવસાય દ્વારા આવા લોકોને આર્થિક લાભ મળે તથા કુટુંબના સભ્યોને પ્રોટીનયુકત આહાર મળે તે છે. સામાન્ય રીતે આ વર્ગના લોકો જુજ સંખ્યામાં ઘર આંગણે દેશી મરઘાં રાખતા હોય છે. પરંતુ આવા મરઘાંની ઉત્પાદન ક્ષમતા ઓછી હોઈ આર્થિક લાભ મળતો નથી. જેથી આ યોજના હેઠળ વધુ ઈંડા આપવાની ક્ષમતા ધરાવતા પક્ષીઓ ના એકમ શરૂ કરવા સહાય આપીને તેઓને પગભર કરી શકાય છે.

યોજનાનો ઢાંચો : ૨૫ આર.આઈ.આર પક્ષી એકમના યોજનાનો ઢાંચો

| અ.નં | વિગત | એકમનો કુલ ખર્ચ રૂા. | સરકારશ્રી નો ફાળો | લાભાર્થી નો ફાળો |
|---|---|---|---|---|
| ૧ | આઠ અઠવાડિયા સુધીના ઉછરેલ ૨૫ આર.આઈ. આર. પક્ષી- પરિવહન ખર્ચ તથા ઉછેર ખર્ચ સાથેની કિંમત | ૨૩૦૦ | ૨૩૦૦ | ૦ |
| ૨ | એકમ સાથે આપવાનો મરઘાં આહાર | ૨૨૦૦ | ૨૨૦૦ | ૦ |
| ૩ | રાત્રી રક્ષણ માટે મરઘાંનો ખુડો કે વાંસનો ટોપલો અને ખોરાક પાણીના સાધનો | ૧૫૦૦ | ૦ | ૧૫૦૦ |
| | કુલ | ૬૦૦૦ | ૪૫૦૦ | ૧૫૦૦ |

આ યોજનાની શરતો અને બોલીઓ નીચે મુજબની રહેશે.

૧. આ યોજનાનો લાભ ફકત ગુજરાત રાજયના આર્થિક રીતે નબળા વર્ગના પુખ્ત ઈસમોને જ આપવાનો રહેશે તથા એક કુટુંબ ના એક સભ્યને લાભ આપી શકાશે.

૨. લાભાર્થીએ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો તથા આવકના પુરાવા (ગરીબી રેખા હેઠળનું / ગ્રામીણ ગરીબનું / શહેરી ગરીબનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર) અરજી સાથે રજુ કરવાના રહેશે.

3. આ યોજનામાં ગરીબી રેખા હેઠળના ઈસમો તથા મહિલાઓને પ્રાધાન્ય આપવાનું રહેશે.

૪. લાભાર્થીએ મરઘાં પાલનની તાલીમ મેળવેલ હોવી જોઈએ.

૫. લાભાર્થીની પસંદગી જે તે વિસ્તારના મરઘાં ઘટક દ્વારા કરવાની રહેશે.

૬. લાભાર્થીઓની લીઘેલી અરજીઓની ચકાસણી તથા ભલામણ કરીને તેની મંજુરી વિભાગીય સંયુકત પશુપાલન નિયામકશ્રી દ્વારા મેળવવાની રહેશે.

૭. આ યોજના હેઠળ લાભાર્થીને ૨૫ લો ઈનપુટ કક્ષાના પક્ષી  આપવાના રહેશે. જયારે રાત્રી રક્ષણ માટે ખુડો કે વાંસનો ટોપલો અને ખોરાક પાણીના સાધનો લાભાર્થીએ લાવવાના રહેશે.

૮. આ યોજના હેઠળ લાભાર્થીને કુલ ખર્ચના ૭૫ ટકા સહાય અથવા મહત્તમ રૂા ૪૫૦૦/- ની સહાય વસ્તુ સ્વરૂપે   આપવાની રહેશે.

૯. યુનિટના પક્ષીઓમાં રસીકરણ સમયસર કરાવવાનું રહેશે.

૧૦. યુનિટનું પક્ષી બિમાર પડે કે તરતજ ઘટકના અધિકારીની સારવાર મેળવવાની રહેશે

૧૧. સરકારી અધિકારી જયારે ફાર્મની મુલાકાત લે ત્યારે આવક-ખર્ચ નો હિસાબ બતાવવાનો રહેશે.

૧૨. ૨૫ આરઆઈઆર પક્ષીનું એકમ સામાન્ય સંજોગોમાં ૨ વર્ષ માટે  નિભાવવાનું રહેશે.

૧૩. યોજના અંગેના અમલીકરણ અંગેની સંપૂર્ણ સત્તા  પશુપાલન નિયામકશ્રીની  રહેશે. અને યોજનાના અમલીકરણમાં  જરૂર જણાયે શરતો અને બોલીઓમાં સુધારો વધારો કરી શકશે અને લાભાર્થીઓને તે બંધનકર્તા રહેશે.

૧૪. લાભાર્થીએ પક્ષી યુનિટ સાથે પોતાનો ફોટો પડાવીને ઘટકને આપવાનો રહેશે.

૧૫. આ યોજના હેઠળ આ સાથે સામેલ પત્રક-૧ મુજબ ફાળવેલ લક્ષ્યાંક મુજબ કામગીરી કરવાની રહેશે.

**યોજના ક્રમાંક : ૨**

યોજનાનુ નામ : સમાજના આર્થિક રીતે નબળા વર્ગના મરઘાંપાલક તાલીમાર્થીઓને સ્ટાઈપન્ડ આપવાની યોજના

યોજનાનો હેતુ : ગુજરાત રાજયમાં મરઘાંપાલનના વિકાસને ધ્યાને લઈ મરઘાં પાલનમાં રસ ધરાવતા મરઘાંપાલકોને વૈજ્ઞાનિક ઢબે મરઘાંનો ઉછેર કરવા માટે જરૂરી તાંત્રિક જ્ઞાન આપવાનો આ યોજનાનો હેતુ છે.

<u>આ યોજનાની શરતો અને બોલીઓ નીચે મુજબ છે.</u>

૧. આ યોજનાનો લાભ ફકત ગુજરાત રાજયના આર્થિક રીતે નબળા વર્ગના પુખ્ત ઈસમોને જ આપવાનો રહેશે તથા એક કુટુંબ ના એક સભ્યને લાભ આપી   શકાશે.

૨. લાભાર્થીએ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો તથા આવકના પુરાવા (ગરીબી રેખા હેઠળનું / ગ્રામીણ ગરીબનું / શહેરી ગરીબનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર) અરજી સાથે રજુ કરવાના રહેશે.

૩. આ યોજનામાં ગરીબી રેખા હેઠળના ઈસમો તથા મહિલાઓને પ્રાધાન્ય આપવાનું રહેશે.

૪. મરઘાં પાલન તાલીમ લેનાર તાલીમાર્થી ને દૈનિક રૂા ૧૫૦/- પ્રમાણે ૬ દિવસના રૂા ૯૦૦/- ટાઈપન્ડ તથા તાલીમમાં આવવા  જવાનુ ભાડુ વધુમાં વધુ રૂા ૧૦૦/- મળી કુલ રૂા ૧૦૦૦/- ચુકવવાના રહેશે.

૫. આ યોજના હેઠળ આ સાથે બીડેલ પત્રક-૧ મુજબ ફાળવેલ લક્ષ્યાંક મુજબ કામગીરી કરવાની રહેશે.

૬. મરઘાંપાલન તાલીમ પૂર્ણ થયા બાદ તાલીમાર્થીને ફોટા સહીતનુ પ્રમાણપત્ર આપવાનુ  રહેશે.

| વીકર સેકશન યોજના - ૨૪૦૩-૧૦૩(૧)પ્લાન વર્ષ ૨૦૧૮-૧૯ ની નાણાંકીય જોગવાઈ તથા ભૌતિક લક્ષ્યાંક દર્શાવતુ પત્રક | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અન | ઘટકનુ નામ | જીલ્લો | ૨૫ આર.આઈ.આર | | તાલીમાર્થી સ્ટાઈપન્ડ | | તાલીમાર્થી વર્ગ | | ઘટકની કુલ નાણાંકીય ફાળવણી (રૂપિયા) |
| | | | ભૌતિક | નાણાંકીય (રૂપિયા) | ભૌતિક | નાણાંકીય (રૂપિયા) | બેચ | માનદ વેતન (રૂા) | |
| ૧ | ઘમવિઘ અમદાવાદ | અમદાવાદ | ૧૧૧ | ૪૯૯૫૦૦ | ૧૧૧ | ૨૨૨૦૦૦ | ૨ | ૨૪૦૦૦ | ૧૪૭૦૫૦૦ |
| | | ગાંધીનગર | ૧૦૬ | ૪૭૭૦૦૦ | ૧૦૬ | ૨૧૨૦૦૦ | ૩ | ૩૬૦૦૦ | |
| ૨ | ઘમવિઘ નડીયાદ | નડીયાદ | ૧૧૪ | ૫૧૩૦૦૦ | ૧૧૪ | ૨૨૮૦૦૦ | ૩ | ૩૬૦૦૦ | ૧૫૧૬૦૦૦ |
| | | આણંદ | ૧૧૦ | ૪૯૫૦૦૦ | ૧૧૦ | ૨૨૦૦૦૦ | ૨ | ૨૪૦૦૦ | |
| ૩ | ઘમવિઘ હિમંતનગર | હિંમતનગર | ૪૦ | ૧૮૦૦૦૦ | ૪૦ | ૮૦૦૦૦ | ૧ | ૧૨૦૦૦ | ૬૦૯૦૦૦ |
| | | અરવલ્લી | ૫૦ | ૨૨૫૦૦૦ | ૫૦ | ૧૦૦૦૦૦ | ૧ | ૧૨૦૦૦ | |
| ૪ | ઘમવિઘ મહેસાણા | મહેસાણા | ૫૨ | ૨૩૪૦૦૦ | ૫૨ | ૧૦૪૦૦૦ | ૧ | ૧૨૦૦૦ | ૫૭૬૫૦૦ |
| | | પાટણ | ૩૩ | ૧૪૮૫૦૦ | ૩૩ | ૬૬૦૦૦ | ૧ | ૧૨૦૦૦ | |
| ૫ | ઘમવિઘ વડોદરા | વડોદરા | ૫૦ | ૨૨૫૦૦૦ | ૫૦ | ૧૦૦૦૦૦ | ૨ | ૨૪૦૦૦ | ૬૨૧૦૦૦ |
| | | છોટાઉદેપુર | ૪૦ | ૧૮૦૦૦૦ | ૪૦ | ૮૦૦૦૦ | ૧ | ૧૨૦૦૦ | |
| ૬ | ઘમવિઘ દાહોદ | દાહોદ | ૪૮ | ૨૧૬૦૦૦ | ૪૮ | ૯૬૦૦૦ | ૧ | ૧૨૦૦૦ | ૧૨૩૧૦૦૦ |
| | | પંચમહાલ | ૯૨ | ૪૧૪૦૦૦ | ૯૨ | ૧૮૪૦૦૦ | ૨ | ૨૪૦૦૦ | |
| | | મહીસાગર | ૪૨ | ૧૮૯૦૦૦ | ૪૨ | ૮૪૦૦૦ | ૧ | ૧૨૦૦૦ | |
| ૭ | ઘમવિઘ ચણવઈ - વલસાડ | વલસાડ | ૬૦ | ૨૭૦૦૦૦ | ૬૦ | ૧૨૦૦૦૦ | ૨ | ૨૪૦૦૦ | ૮૧૬૦૦૦ |
| | | નવસારી | ૬૦ | ૨૭૦૦૦૦ | ૬૦ | ૧૨૦૦૦૦ | ૧ | ૧૨૦૦૦ | |
| ૮ | ઘમવિઘ સુરત | સુરત | ૧૧૫ | ૫૧૭૫૦૦ | ૧૧૫ | ૨૩૦૦૦૦ | ૩ | ૩૬૦૦૦ | ૬૯૬૦૦૦ |
| ૯ | ઘમવિઘ વાલીયા - ભરૂચ | ભરૂચ | ૬૨ | ૨૭૯૦૦૦ | ૬૨ | ૧૨૪૦૦૦ | ૨ | ૨૪૦૦૦ | ૮૦૩૦૦૦ |
| | | નર્મદા | ૫૬ | ૨૫૨૦૦૦ | ૫૬ | ૧૧૨૦૦૦ | ૧ | ૧૨૦૦૦ | |
| ૧૦ | ઘમવિઘ જુનાગઢ | જુનાગઢ | ૪૦ | ૧૮૦૦૦૦ | ૪૦ | ૮૦૦૦૦ | ૧ | ૧૨૦૦૦ | ૬૭૪૦૦૦ |
| | | પોરબંદર | ૨૦ | ૯૦૦૦૦ | ૨૦ | ૪૦૦૦૦ | ૦ | ૦ | |
| | | ગીર | ૪૦ | ૧૮૦૦૦૦ | ૪૦ | ૮૦૦૦૦ | ૧ | ૧૨૦૦૦ | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સોમનાથ | | | | | | | |
| ૧૧ | ઘમવિઘ વ્યારા | તાપી | ૮૦ | ૩૬૦૦૦૦ | ૮૦ | ૧૬૦૦૦૦ | ૨ | ૨૪૦૦૦ | ૫૪૪૦૦૦ |
| ૧૨ | ઘમવિઘ રાજકોટ | સુરેન્દ્રનગર | ૨૫ | ૧૧૨૫૦૦ | ૨૫ | ૫૦૦૦૦ | ૧ | ૧૨૦૦૦ | ૭૨૩૦૦૦ |
| | | રાજકોટ | ૩૬ | ૧૬૨૦૦૦ | ૩૬ | ૭૨૦૦૦ | ૧ | ૧૨૦૦૦ | |
| | | મોરબી | ૬૨ | ૨૭૯૦૦૦ | ૬૨ | ૧૨૪૦૦૦ | ૧ | ૧૨૦૦૦ | |
| ૧૩ | જીમવિકે પાલનપુર | બનાસકાંઠા | ૬૬ | ૨૯૭૦૦૦ | ૬૬ | ૧૩૨૦૦૦ | ૨ | ૨૪૦૦૦ | ૪૫૩૦૦૦ |
| ૧૪ | જીમવિકે જામનગર | જામનગર | ૬૦ | ૨૭૦૦૦૦ | ૬૦ | ૧૨૦૦૦૦ | ૨ | ૨૪૦૦૦ | ૬૬૦૦૦૦ |
| | | દેવભૂમિ દ્વારકા | ૩૬ | ૧૬૨૦૦૦ | ૩૬ | ૭૨૦૦૦ | ૧ | ૧૨૦૦૦ | |
| ૧૫ | જી.મ.વિ.કે સિહોર-ભાવનગર | ભાવનગર | ૬૫ | ૨૯૨૫૦૦ | ૬૫ | ૧૩૦૦૦૦ | ૨ | ૨૪૦૦૦ | ૧૦૭૫૦૦૦ |
| | | અમરેલી | ૫૦ | ૨૨૫૦૦૦ | ૫૦ | ૧૦૦૦૦૦ | ૧ | ૧૨૦૦૦ | |
| | | બોટાદ | ૪૩ | ૧૯૩૫૦૦ | ૪૩ | ૮૬૦૦૦ | ૧ | ૧૨૦૦૦ | |
| ૧૬ | જીમવિકે ભુજ | કચ્છ | ૬૬ | ૨૯૭૦૦૦ | ૬૬ | ૧૩૨૦૦૦ | ૨ | ૨૪૦૦૦ | ૨૧૦૦૦૦ |
| ૧૭ | જીમવિકે આહવા | ડાંગ | ૭૦ | ૩૧૫૦૦૦ | ૭૦ | ૧૪૦૦૦૦ | ૨ | ૨૪૦૦૦ | ૪૭૯૦૦૦ |
| | કુલ -----------> | | ૨૦૦૦ | ૯૦૦૦૦૦૦ | ૨૦૦૦ | ૪૦૦૦૦૦૦ | ૫૦ | ૬૦૦૦૦૦ | ૧૩૬૦૦૦૦૦ |

ક્ષેત્રિય કક્ષાએ દરેક જિલ્લા સ્તરે સદર યોજનાનું અમલીકરણ છે. તેવી કચેરીઓ દ્વારા મરઘાં સેવા કેન્દ્રોના પશુધન નિરીક્ષક મારફત અરજી મેળવી, ચકાસી પાત્રતા કચેથી જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર, ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટકને મંજુરી સારૂ મોકલી આપવામાં આવે છે. તે અંગેની જરૂરીયાતને ધ્યાને લઈ મરઘાંપાલન અંગેની તાલીમ ફરજીયાત જરૂરી હોય / લેવાની હોય છે.

**<u>સહાયકી વિતરણની કાર્યપધ્ધતિઃ</u>**

૨૫ આર.આર. આર. ની યોજનામાં બેકયાર્ડ સારૂ વસ્તુના રૂપમાં પક્ષીઓ / ખોરાક આપવામાં આવે છે. જે પક્ષીઓ આઠ અઠવાડિયા સુધીના ઉછેરીને આપવામાં આવે છે. તથા અન્ય યોજનામાં સ્ટાઈપેન્ડ બતક પાલન, ૧૦૦ બ્રોઇલર પક્ષીની યોજનામાં ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક / જિલ્લા વિસ્તરણ કેન્દ્ર મારફતે સહાયની યોજનામાં જરૂરી મંજુરી મેળવી સહાય ચેકથી ચુકવવામાં આવે છે.

**<u>અરજી કયાં કરવી કે અરજી કરવા માટે કચેરીમાં કોનો સંપર્ક કરવો.</u>**

મરઘાં વિકાસ ઘટકો પૈકી જે તે જિલ્લાના ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક / જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર / અંગેનું પ્રકરણ - ૨ પત્રક -૧ માં દર્શાવેલ કચેરીઓના નાયબ પશુપાલન નિયામક /મદદનીશ પશુપાલન નિયામક ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક / જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર તથા મરઘાં સેવા કેન્દ્રોના પશુધન નિરીક્ષકનો સંપર્ક કરવાનો રહેશે.

<u>અરજી ફીઃ</u>

વિના મૂલ્યે અરજી સ્વીકારવામાં આવે છે.

<u>પ્રક્રિયાને લગતી સમસ્યા અંગે કયા સંપર્ક કરવોઃ</u>

જે તે જિલ્લાના ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક / જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્રના કચેરીના અધિકારીશ્રીનો સંપર્ક કરવો.

ધી રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન
નિયામકની કચેરી, ગુજરાત રાજય, કૃષિભવન, ગાંધીનગર ખાતે આવેલી
મરઘાં વિકાસ શાખા ને લગતા ૧૭ પ્રકરણો પૈકી
પ્રકરણ નં.૧૪ ને
લગતી માહિતી દર્શાવતું પત્રક
પત્રક - ક

**પ્રકરણ-૧૪ ( નિયમ સંગ્રહ -૧૩ )**

| | |
|---|---|
| **વિષય :-** | **આપેલ રાહતો, પરમિટ કે અધિકૃત મેળવનારની વિગતો** |

--------------------આ શાખાને લાગુ પડતું નથી---------------

ધી રાઈટ ટુ ઈન્ફોર્મેશન એક્ટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન
નિયામકની કચેરી, ગુજરાત રાજય, કૃષિભવન, ગાંધીનગર ખાતે આવેલી
મરઘાં વિકાસ શાખા ને લગતા ૧૭ પ્રકરણો પૈકી
પ્રકરણ નં. ..૧૫.. ને
લગતી માહિતી દર્શાવતું પત્રક
પત્રક - ક

**પ્રકરણ-૧૫ ( નિયમ સંગ્રહ -૧૪ )**

**કાર્યો કરવા માટે નકકી કરેલાં ધોરણોઃ**

૧૫.૧ વિવિધ પ્રવૃતિઓ / કાર્યક્રમો હાથ ધરવા માટે વિભાગે નકકી કરેલ ધોરણોની વિગતો.

પશુપાલન ખાતાના એક ભાગ રૂપ મરઘાં વિકાસ કાર્યક્રમની વિવિધ પ્રવૃતિઓ / કાર્યક્રમોને સમગ્ર વર્ષ દરમ્યાન અમલીકરણ કરવા અત્રેથી નિયત કરેલ નાણાંકીય તેમજ ભૌતિક લક્ષ્યાંકોની સામે ક્ષેત્રિય કક્ષાએથી કચેરીઓ / સંસ્થાઓને જણાવવામાં આવે છે.

ધી રાઈટ ટુ ઈન્ર્ફોમેશન એકટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન
નિયામકની કચેરી, ગુજરાત રાજય, કૃષિભવન, ગાંધીનગર ખાતે આવેલી
.મરઘાં વિકાસ શાખા ને લગતા ૧૭ પ્રકરણો પૈકી
પ્રકરણ નં.૧૬ ને
લગતી માહિતી દર્શાવતું પત્રક
પત્રક - ક

**પ્રકરણ-૧૬ (નિયમ સંગ્રહ-૧૫)**

<u>વીજાણુરૂપે ઉપલબ્ધ માહિતીઃ</u>

૧૬.૧ વીજાણુરૂપે ઉપલભ્ય વિવિધ યોજનાઓની માહિતી. સમગ્ર પશુપાલન ખાતાની આ અંગેની માહિતી વીજાણુરૂપે ઉપલબ્ધ થઈ શકે તે અર્થે તૈયાર કરી http://www.gswan.gov.in નામની વેબસાઈટ પર મુકેલ છે.

ધી રાઈટ ટુ ઈન્ફોર્મેશન એક્ટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન
નિયામકની કચેરી, ગુજરાત રાજય, કૃષિભવન, ગાંધીનગર ખાતે આવેલી
મરઘાં વિકાસ શાખા ને લગતા ૧૭ પ્રકરણો પૈકી
પ્રકરણ નં. ૧૭.. ને
લગતી માહિતી દર્શાવતું પત્રક
પત્રક - ક

**પ્રકરણ-૧૭ (નિયમ સંગ્રહ-૧૬)**

**માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સવલતોની વિગતોઃ**

૧૭.૧ લોકોને માહિતી મળે તે માટે

## મરઘાં વિકાસ ઘટકોના નામ / સરનામા/ફોન નંબર

| અ.નં | ઘટકનું નામ | સરનામું | કચેરીના ફોન નંબર |
|---|---|---|---|
| (૧) | નાયબ પશુપાલન નિયામક<br>ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક અમદાવાદ | જીવરાજ પાર્ક મકરબા, (વેજલપુર),<br>અમદાવાદ-૩૮૦ ૦૫૧. | 079-26823185 |
| (૨) | નાયબ પશુપાલન નિયામક<br>ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક, દાહોદ. | મુવાલીયા-દાહોદ, જિ.દાહોદ-૩૮૯૧૫૧. | 02676-246263 |
| (૩) | નાયબ પશુપાલન નિયામક<br>ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક, વડોદરા. | એલેમ્બીક રોડ, વડોદરા-૩. | 0265-3332307 |
| (૪) | નાયબ પશુપાલન નિયામક<br>ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક, સુરત. | અઠવા લાઈન્સ, લાલ બંગલા-સુરત<br>પીન-૩૯૫૦૦૭. | 0271-2669852 |
| (૫) | નાયબ પશુપાલન નિયામક<br>ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક, જુનાગઢ. | મજેવડી દરવાજા પાસે, જુનાગઢ. | 0285-2651424 |
| (૬) | નાયબ પશુપાલન નિયામક<br>ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક, વલસાડ. | અતુલ ગેટ સામે, ચણવઈ-વલસાડ. | 02632-233338 |

| અ.નં | ઘટકનું નામ | સરનામું | કચેરીના ફોન નંબર |
|---|---|---|---|
| (૭) | મદદનીશ પશુપાલન નિયામક,<br>ધનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક, હિંમતનગર. | મહેતાપુરા, હિંમતનગર-૦૧ | 02771-222990 |
| (૮) | મદદનીશ પશુપાલન નિયામક,<br>ધનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક, રાજકોટ. | પેડોક , કુવાડવા રોડ. રાજકોટ-૩ | 0281-2702782 |
| (૯) | મદદનીશ પશુપાલન નિયામક,<br>ધનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક, વ્યારા. | વ્યારા,જિ.તાપી . | 02626-220217 |
| (૧૦) | મદદનીશ પશુપાલન નિયામક,<br>ધનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક, વાલીયા | વાલીયા-જી.ભરૂચ. | 02643-270637 |
| (૧૧) | મદદનીશ પશુપાલન નિયામક,<br>ધનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક, મહેસાણા | જુના પાડા કેન્દ્ર, રાધનપુર રોડ,<br>મહેસાણા. | 02762-253533 |
| (૧૨) | મદદનીશ પશુપાલન નિયામક,<br>ધનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક-નડિયાદ | જવાહરનગર, નડીયાદ. | 0268-2550591 |
| (૧૩) | મદદનીશ પશુપાલન નિયામક,<br>જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર, શિહોર. | શિહોર,<br>જિ.ભાવનગર-૩૭૪ ૨૪૦. | 02846-222538 |
| (૧૪) | મદદનીશ પશુપાલન નિયામક,<br>જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર, આહવા | આહવા, જિ.ડાંગ | 02631-220218 |
| (૧૫) | મદદનીશ પશુપાલન નિયામક,<br>જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર,, જામનગર. | શરુ સેકશન રોડ,<br>જામનગર-૩૬૧૦૦૨. | 0288-2678609 |
| (૧૬) | મદદનીશ પશુપાલન નિયામક,<br>જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર, પાલનપુર | સરકારી વસાહત સામે, પાલનપુર,<br>જિ.બનાસકાંઠા. | 02742-253341 |
| (૧૭) | મદદનીશ પશુપાલન નિયામક,<br>જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર, ભૂજ | મુન્દ્રા રોડ, હોસ્ટેલ બિલ્ડીંગ.<br>ભૂજ-કચ્છ | 02832-230910 |
| (૧૮) | મદદનીશ પશુપાલન નિયામક,<br>મરઘાં આહાર ચકાસણી એકમ આણંદ | વેટરનરી સાયન્સ કોલેજ કંપાઉન્ડ,<br>આણંદ. | 02692-262347 |
| (૧૯) | મદદનીશ પશુપાલન નિયામક,<br>બતક ઉછેર કેન્દ્ર, માંડવી-સુરત | માંડવી, જિ.સુરત. | 02623-221046 |

ધી રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ સંદર્ભે પશુપાલન
નિયામકની કચેરી, ગુજરાત રાજય, કૃષિભવન, ગાંધીનગર ખાતે આવેલી
મરઘાં વિકાસ શાખા ને લગતા ૧૭ પ્રકરણો પૈકી
પ્રકરણ નં. .૧૮.. ને
લગતી માહિતી દર્શાવતું પત્રક
પત્રક - ક

**પ્રકરણ -૧૮**

| | |
|---|---|
| વિષય :- | અન્ય ઉપયોગી માહિતી |

૧૮.૧ લોકો દ્વારા પુછાતા પ્રશ્નોના જવાબો આપવામાં આવે છે.

૧૮.૨ માહીતી મેળવવા અંગે પશુપાલન નિયામકશ્રીનો સંપર્ક કરવાનો રહે છે.

૧૮.૪ આ શાખા દ્વારા નિયમ સંગ્રહ -૧૩ માં સમાવિષ્ટ ન કરાયેલ હોય તેવા પ્રમાણપત્રો આપવામાં આવતા નથી.